ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૯ અંક : ૬૦ તા.૧૦-૧૧-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ડ્રાઈવર ?

ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com

અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં અનેક વિદેશી નાણાસંસ્થાઓનું આકર્ષણ

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર મજબૂત રીતે આગળ વધતો ગયો

નિફ્ટીમાં સમાવેશ થયા પછી અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં અનેક વિદેશી નાણાસંસ્થાઓનું આકર્ષણ વધતું જાય છે અને તે પાછળ છેલ્લા બે અઠવાડિયા દરમ્યાન આ શેરે ખૂબ જ સુંદર ઉછાળો બતાવ્યો.

અત્યારે રૂા. ૩૮૩૩ ઉપર આવી ગયેલા **અદાણી એન્ટરપ્રાઈઝ**ના શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૧૦૦-૧૦૦ની નોટો ઉમેરાતી જશે. ઝડપથી રૂા. ૩૯૩૩ અને તે પછી રૂા. ૪૦૩૩ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૪૩૩૩નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે અને તેથી સોમવારે ખૂલતાની સાથે જ પાંચેક શેર લઈને મૂકી દેજો.

આવો જ સુંદર ઉછાળો **સન ફાર્મા**ના શેરમાં પણ દેખાય છે. દિવાળી અગાઉના અંકમાં પણ સન ફાર્માનો શેર પકડી લેવાનું દર્શાવેલું. અત્યારે વધીને રૂા. ૧૦૪૦ ઉપર આવી ગયો છે અને આવતા ચાર-છ અઠવાડિયા દરમ્યાન આ શેરમાં ખૂબ જ સુંદર ઉછાળાની ગણતરી છે. મુંબઈના ખેલાડીઓની ગણતરી છે. આ શેરમાં આવતા થોડા દિવસોમાં મજબૂત વૃદ્ધિ સાથે રૂા. ૧૦૫૫ અને તે પછી રૂા. ૧૦૭૦ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૧૦૮૫નો ભાવ જોવા મળી જાય તે સંભાવના છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

લગભગ ત્રણ મહિના પછી નબળાઈ બતાવ્યા પછી **અલ્ટ્રાટેક** સિમેન્ટના શેરમાં ફરી એક વખત ખેલાડીઓનું આકર્ષણ વધ્યું છે. ઓક્ટોબરમ હિનામાં સિમેન્ટની કિંમતોમાં વધારો કર્યો અને અત્યારે ફ્રૂડ વધી રહ્યું હોવાથી ફ્યુઅલ અને ટ્રાન્સ્પોર્ટેશન ખર્ચ પણ વધ્યો છે અને તેથી સપ્ટેમ્બર ક્વાર્ટરના નબળા પરિણામો પછી ડિસેમ્બર ક્વાર્ટરના આંકડા ખૂબ જ સુંદર આવશે તે આશાવાદ છે. અલ્ટ્રાટેક સિમેન્ટ અત્યારે રૂા. ૬૮૯૩ ઉપર ચાલતા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૬૯૯૩ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૭૦૯૩ અને તે પછી ધીરે ધીરે રૂા. ૭૩૧૩નો ભાવ જોવા મળી જાય તે સંભાવના મજબૂત છે અને તેથી આ શેરમાં પણ થોડું રોકાણ કરી દેવું સલાહભરેલ.

બેંકિંગ શેરોમાં જોરદાર તેજીની વાત તો ચાણક્યમાં ઘણા અંકથી દર્શાવીએ છીએ. અત્યાર સુધી તો ખેલાડીઓનું આકર્ષણ એક્સિસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકમાં હતું પરંતુ હવે **સ્ટેટ બેંક**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. અત્યારે રૂા. ૫૯૪ ઉપરના આ શેરમાં રૂા. ૬૧૪ અને તે પછીના ઉછાળે રૂા. ૬૨૪નો ભાવ જોવા મળી જવાની સંભાવના છે. અત્યારના તબક્કે ઉછાળો થોડોક ધીમો રહેશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

સામે પક્ષે **એક્સિસ બેંક**નો શેર રૂા. ૮૬૮ ઉપર આવ્યો છે ને આ શેરમાં હજી લાંબી તેજીની શરૂઆત જ માંડ થઈ છે અને તેથી ત્રણથી ચાર મહિનાના એન્ગલથઈ એક્સિસ બેંક ભેગા કરી લેવાનો આ સુંદર ચાન્સ છે. આવતા થોડા દિવસો દરમ્યાન ધીરે ધીરે વધીને રૂા. ૮૭૩ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૮૮૮નો ભાવ જોવા મળશે. તેજીની હજી શરૂઆત હોવાથી એક્સિસમાં ઉછાળો હજી થોડા દિવસો એકદમ ધીમો રહેશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું. પરંતુ ત્રણથી ચાર મહિના માટે લઈને મૂકી દેવાય.

બધા આઈટી શેરોમાં નબળાઈ વચ્ચે **એચસીએલ ટેકનોલોજી**નો શેર મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. અત્યારે રૂા. ૧૦૪૫ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૫૫ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૧૦૭૫નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે. નાનું રોકાણ કરી શકાય.

મેટલ શેરોમાં પણ નબળાઈ વચ્ચે **હિન્ડાલ્કો**ના શેરમાં આકર્ષણ વધતું જાય છે. અત્યારે હિન્ડાલ્કો રૂા. ૪૩૦-૪૩૧ વચ્ચે છે અને આવતા થોડા દિવસો દરમ્યાન રૂા. ૪૩૮ અને તે પછી રૂા. ૪૪૪ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૪૬૪ના ભાવની સંભાવના મજબૂત છે. થોડુંક રોકાણ કરી શકાય.

તેવી જ રીતે રૂા. ૭૦૨ ઉપરની **જેએસડબલ્યુ સ્ટીલ**માં પણ એકદમ ધીમો સુધારો શરૂ થયો છે. પરિણામો નબળા આવવા છતાં પણ નીચા ભાવે મળી રહ્યો હોવાથી આ શેરમાં હવે વેલ્યૂબાઈંગ દેખાય છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૭૧૦ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૭૪૦ સુધી ભાવ ઊંચકાઈ જવાની સંભાવના છે, પરંતુ તેજીની માંગ શરૂઆત હોવાથી થોડા દિવસો આ શેરમાં ઉછાળો એકદમ ધીમો જોવાશે.

લાર્સન એન્ડ ટુબ્રોમાં નફામાં લગભગ ૨૨ ટકાનો ઉછાળો આવ્યા પછી આ શેરે રૂા. ૨૦૦૦નું લેવલ કૂદાવી દીધું અને અત્યારે રૂા. ૨૦૧૫ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ આવતા થોડા દિવસોમાં ખૂબ જ સુંદર ઉછાળાની જગ્યા છે. શોર્ટટર્મ ખેલાડીઓ લાર્સનના શેરમાં આગામી દિવસોમાં રૂા. ૨૦૩૦ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૨૦૪૦ અને તે પછી રૂા. ૨૦૭૦નો ભાવ પણ જોઈ રહ્યા છે અને તેથી થોડાક શેર લઈને મૂકી શકાય.

તેવી જ રીતે હવે **રિલાયન્સ** પણ તેજીમાં દાખલ થયો છે. એક તરફ પરિણામો સુંદર આવ્યા અને જે રીતે જીઓ અને રીટેઈલમાં વેચાણો ઝડપથી સુધરી રહ્યા છે તે જોતા આવતા થોડા દિવસોમાં રૂા. ૨૫૯૩વાળો શેર મજબૂત ઉછાળા સાથે રૂા. ૨૬૨૬ અને તે પછી રૂા. ૨૬૭૬ ઉપર આવી જવાની ગણતરી છે. નિફ્ટીમાં અતિશય વેઈટેજ હોવાને કારણે આ શેરની ચાલ એકદમ હાથી જેવી જ ધીમી રહેશે અને તેથી એકદમ ધીમા સુધારાની તૈયારી સાથે રોકાણ કરવું.

ટાઈટનના શેરમાં સોમવારે ખૂલતાની સાથે જ ઝડપી ઉછાળો દેખાય છે. શુક્રવારે ટાઈટનના આંકડા ખૂબ સુંદર આવ્યા પછી સોમવારે આ શેરમાં મોટી લેવાલીની અપેક્ષા છે. અત્યારે રૂા. ૨૭૭૦ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૮૦૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૮૩૮ના ભાવની ગણતરી છે. પરંતુ ટાઈટનનો શેર શોર્ટટર્મ માટે નહિ પરંતુ કૌટુંબિક ઘરેણાની રીતે દર મહિને પાંચ-પાંચની ઉપર છે અને તેમાં પણ હજી ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે, પરંતુ કૌટુંબિક ઘરેણાની રીતે આ શેર પણ ભેગા કરાય. શોર્ટટર્મમાં લાંબો કસ નથી દેખાતો.

અદાણી પોર્ટના સુંદર પરિણામો પછી રૂા. ૮૬૨.૯૦ ઉપર આવેલા આ શેરમાં રૂા. ૮૭૮ અને તે પછી રૂા. ૮૮૮ના ભાવની ગણતરી છે. ભારતીય બજારમાં નવા વર્ષનો પ્રારંભ બુલીશ સેન્ટીમેન્ટ સાથે થયો છે. ગયા અઠવાડિયે અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષા મુજબ વ્યાજદરમાં ૭૫ બેઝિક પોઈન્ટનો વધારો કરાયો અને સાથે સાથે આગામી સમયગાળામાં ફેડરલ રિઝર્વ શું પોલીસી અપનાવશે તે અંગે તેમણે અત્યારથી કોઈ જ સંકેત આપવાનો ઈન્કાર કર્યો છે, પરંતુ સાથે સાથે ફુગાવાને અંકુશમાં લેવાનું લક્ષ્યાંક પ્રાથમિક હોવાનું પણ તેમણે દર્શાવી દીધું છે અને તેથી ફુગાવો જ્યાં સુધી અંકુશમાં ન આવે ત્યાં સુધી વ્યાજદર વધારતા રહેશે તેમ પણ તેમણે આડકતરી રીતે દર્શાવી દીધું.

દિવાળીની રજાઓ દરમ્યાન ઈંગ્લેન્ડમાં ફરી એક વખત સત્તા પલટો થઈ ગયો અને ભારતીય મૂળના ઋષિ સુનક હવે બ્રિટનના વડાપ્રધાન બન્યા છે અને તેમના આગમનથી બ્રિટનના અર્થતંત્ર અને તેમના શેરબજારમાં થોડીક રાહતની લાગણી જોવાય છે. ગયા અઠવાડિયે બ્રિટન દ્વારા પણ વ્યાજદરમાં ૭૫ બેઝિક પોઈન્ટનો વધારો કરાયો અને તે રીતે બ્રિટનમાં અત્યારે ૩૩ વર્ષના સૌથી ઊંચા લેવલે વ્યાજદર આવી ગયા છે.

શુક્રવારે અમેરિકામાં રોજગારીના આંકડા પણ પ્રોત્સાહક આવ્યા છે અને જે રીતના આંકડા આવ્યા છે તે જોતા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો ચાલુ રખાશે તેમ સ્પષ્ટ થઈ ગયું છે.

સામે પક્ષે ભારતમાં આ વખતે ફેડરલ રિઝર્વે વ્યાજદર વધારવા છતાં પણ બજારના સેન્ટીમેન્ટ ઉપર ખાસ કોઈ જ નકારાત્મક અસર નથી પડી. એક તબક્કે ગુરુવારે થોડોક ઘટાડો જોવાયો હતો, પરંતુ વિશ્વના અન્ય શેરબજારોમાં જે રીતનો ઘટાડો થયો તેની સરખામણીમાં ભારતમાં કેવળ ૬૯ પોઈન્ટના ઘટાડા સાથે સેન્સેક્ષ ગુરુવારે બંધ રહ્યો હતો, જ્યારે શુક્રવારે ચાણક્યના મોર્નિંગ રિપોર્ટમાં દર્શાવ્યું હતું તે મુજબ એક વખત સેન્સેક્ષ અને નિફ્ટી નેગેટીવ ઝોનમાં ખૂલ્યા પછી ઝડપથી ઊંચકાઈ ગયા હતા.

સામે પક્ષે ડોલરની સામે રૂપિયો નબળાઈ દર્શાવી રહ્યો છે અત્યારે ડોલરની સામે રૂપિયો ૮૨.૮૦ના લેવલ ઉપર છે અને રિઝર્વ બેંક દ્વારા કરોડો ડોલર ખર્ચીને રૂપિયાને ટકાવી રાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તેમ છતાં આગામી સમયગાળામાં રૂપિયો વધારે ઝડપથી તૂટે તેવી ગણતરી છે અને તેનું મુખ્ય કારણ એક તરફ ભારતની વધી રહેલી વેપાર ખાધ અને બીજી તરફ ડોલરની મજબૂતાઈ છે. નિકાસોમાં વૃદ્ધિદર નબળો છે, જ્યારે આયાતો સતત વધતી જાય છે. અને આ બે પાસાને કારણે વેપારખાધમાં કોઈ પણ રાહત કે ઘટાડો જોવા મળે તેવી કોઈ સંભાવના નથી દેખાતી. સરકાર અત્યારે સંપૂર્ણ રીતે ચૂંટણીલક્ષી બની ગઈ છે અને તેને કારણે હજી બીજા ત્રણ મહિના વેપારખાધને અંકુશમાં લેવા માટે કોઈ જ મહત્ત્વની જાહેરાત આવે તે સંભાવના નહિવત છે અને તેથી આગામી દિવસોમાં રૂપિયો ધીરે ધીરે ૮૩નું લેવલ પસાર કરીને ૮૪ તરફ આગળ વધતો જશે તે સ્પષ્ટ છે.

રૂપિયાની આ નબળાઈ વચ્ચે એફઆઈઆઈની વેચવાલી સતત જળવાઈ રહી છે, પરંતુ સામે પક્ષે રીટેઈલ ઈન્વેસ્ટરો અત્યારે મ્યુચ્યુઅલ ફંડના માધ્યમથી અને અન્ય રીતે શેરબજારમાં જંગી પૈસા ઠાલવી રહ્યા હોવાને કારણે બજારમાં ઘટાડો નહિવત જોવાશે.

બીજી તરફ અગાઉ દર્શાવ્યું હતું તેમ કૃષિપ્રધાન દેશમાં સારા ચોમાસાની પોઝિટિવ અસર હવે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સારા ચોમાસા પછી હવે ગ્રામ્ય ભારતમાં તરલતા વધી હોવાને કારણે તમામ સેક્ટરોની ખરીદી વધતી જાય છે. ઓટોમોબાઈલ, સિમેન્ટ, એફએમસીજી, ટેક્ષટાઈલ વગેરે સેક્ટરમાં ખરીદી સુધરી છે અને તેને કારણે એકંદરે ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો વધારે સારા આવશે તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

સિમેન્ટ સેક્ટરની કંપનીઓમાં બીજા ક્વાર્ટર દરમ્યાન ઓપરેટિંગ નફામાં સરેરાશ ૩૫ ટકાનો ઘટાડો જોવાયો છે. અગાઉના બે ક્વાર્ટર દરમ્યાન કામગીરી એકંદરે સારી રહી હતી, પરંતુ જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટર દરમ્યાન ખર્ચાઓમાં મોટો ઉછાળો આવવાને કારણે વોલ્યૂમમાં સરેરાશ ૮.૨ ટકાની વૃદ્ધિ હોવા છતાં ઓપરેટિંગ નફા ઉપર અસર પડી છે.

સિમેન્ટ કંપનીઓમાં સરેરાશ ટનદીઠ ઓપરેટિંગ નફો આગલા વર્ષની સરખામણીમાં ૪૦ ટકા ઘટીને રૂા. ૬૭૯ ઉપર આવી ગયો છે અને તે રીતે ટનદીઠ ઓપરેટિંગ નફો અત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી નીચા લેવલે છે.

બીજી તરફ કંપનીઓએ વેચાણ કિંમતોમાં સરેરાશ ચાર ટકાનો વધારો કર્યો છે અને તે રીતે ટનદીઠ રૂા. ૧૯૩નો વધારો થયો છે. તેમ છતાં સિમેન્ટ કંપનીઓના ખર્ચામાં ટનદીઠ રૂા. ૬૭૬ એટલે કે આગલા વર્ષની સરખામણીમાં લગભગ ૧૬ ટકાનો વધારો થઈ ગયો છે અને તેથી ખર્ચમાં જે વૃદ્ધિ છે તેની સરખામણીમાં આવકોમાં ઓછી વૃદ્ધિ હોવાથી સિમેન્ટ કંપનીઓની નફાશક્તિને ગંભીર અસર પડી છે.

પરંતુ હવેના તબક્કે જે રીતે માંગમાં સુધારો છે તેને કારણે સિમેન્ટ કંપનીઓ વેચાણ કિંમતો સરળતાથી વધારી શકશે અને તે રીતે ખર્ચામાં ઉછાળાનું દબાણ ઘટાડી શકાશે.

પૂર્વ ભારત, દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતની કંપનીઓએ ઓક્ટોબર મહિનામાં થેલીદીઠ રૂા. ૪૦થી ૫૦નો વધારો કરવાનું નક્કી કર્યું છે. અને એકંદરે ઓક્ટોબરથી માર્ચની બીજી સિઝન દરમ્યાન આ રીતે ભાવ વધારો થયો હોવાથી કંપનીઓને વેચાણો ઉપર અસર પડશે તે સંભાવના નથી દેખાતી અને આ પાસાને કારણે આગામી સમયગાળામાં એક તરફ નફાશક્તિ સુધરશે અને બીજી તરફ સિમેન્ટ કંપનીઓના શેરોમાં પણ હવે કરેકશન પછી ઝડપી સુધારો જોવા મળે તેવી ગણતરી છે.

અલ્ટ્રાટેક સિમેન્ટમાં કોન્સોલિડેટેડ ઓપરેટિંગ નફો લગભગ ૨૭.૫ ટકા ઘટે તેવી ગણતરી છે. કંપનીના ખર્ચાઓમાં નેટ ૧૬.૮ ટકાનો વધારો થયો છે. જ્યારે બીજી તરફ વોલ્યૂમમાં ૬.૫ ટકાનો અને સરેરાશ વેચાણ કિંમતોમાં ૬.૪ ટકાનો વધારો કરાયો છે. અને આ પાસાને કારણે ભલે બીજા ક્વાર્ટર દરમ્યાન નફાશક્તિ નબળી આવે પરંતુ ત્રીજા ક્વાર્ટરથી કંપનીઓની કામગીરીમાં સ્પષ્ટ સુધારો જોવાશે તેમ કહી શકાય અને તેથી અલ્ટ્રાટેક સિમેન્ટમાં અત્યારના રૂા. ૬૭૯૪ના ભાવે રોકાણ વધારી શકાય. કરેકશનમાં એક તબક્કે રૂા. ૬૦૦૦ સુધી ભાવ સપ્ટેમ્બર આખરમાં ઉતરી ગયો હતો, પરંતુ તે પછી હવે આ શેર મજબૂત અપટ્રેન્ડ સાથે આવતા થોડા દિવસોમાં રૂા. ૭૧૦૦નું લેવલ કૂદાવી દેશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે.

શ્રી સિમેન્ટમાં ઓપરેટિંગ નફામાં લગભગ ૩૪.૫ ટકાનો ઘટાડો થયો છે, કારણ કે તેના ઉત્પાદન ખર્ચમાં વધારે મોટો ઉછાળો છે, પરંતુ સાથે સાથે તેની છત્તીસગઢ ખાતેની ૪૦ લાખ ટનની કિલ્ન કાર્યરત થઈ ગઈ હોવાથી તેના વોલ્યૂમમાં લગભગ ૧૩.૫ ટકાનો ઉછાળો જોવાયો છે અને સરેરાશ વેચાણ કિંમતોમાં ૨.૭ ટકાની વૃદ્ધિ છે અને આ પાસાને કારણે શ્રી સિમેન્ટમાં બીજા ક્વાર્ટરમાં તો નફામાં વધારે ઘટાડો જોવાયો, પરંતુ હવે ત્રીજા ક્વાર્ટરમાં નવી ક્ષમતા કાર્યરત થતા રૂા. ૨૨૮૭૭ વાળા આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૨૩૧૦૦ અને તે પછીના ઉછાળે રૂા. ૨૩૫૦૦ના ભાવની સંભાવના મજબૂત છે. અને તે પછી ધીરે ધીરે થોડા અઠવાડિયામાં આ શેરમાં રૂા. ૨૫૧૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

અંબુજા સિમેન્ટના શેરમાં પણ નફામાં તીવ્ર ઘટાડો જોવાયો, અંબુજાના બીજા ક્વાર્ટરના પરિણામો નબળા આવ્યા છે તે જ પ્રકારે સરેરાશ વેચાણ કિંમતોમાં પણ એક ટકાનો ઘટાડો થયો છે. અંબુજામાં અત્યારના રૂા. ૫૪૦ના ભાવથી મજબૂત અપટ્રેન્ડની શરૂઆત થઈ છે. સુધારાનો પ્રથમ તબક્કો હોવાથી શરૂઆતમાં આ શેર એકદમ ધીમા સુધારા સાથે આગળ વધશે પરંતુ લાંબી તેજીની જગ્યા હોવાથી આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય.

અદાણી ગ્રૂપ હસ્તકની બીજી સિમેન્ટ કંપની **એસીસી**માં અત્યારે રૂા. ૨૪૭૪નો ભાવ આવી ગયો છે. દિવાળી અંક વખતે એસીસીનો શેર પકડી લેવાનું દર્શાવેલું. બજારના ખેલાડીઓના મંતવ્ય મુજબ અદાણી ગ્રૂપ આ બે કંપનીઓને અલગ રાખવાને બદલે અંબુજા-એસીસી અથવા તો અદાણી અંબુજા એસીસી નામ આપી દે તેવી ગણતરી છે. અને આ પાસાને ધ્યાનમાં રાખીએ અને જે રીતે એસીસીમાં જંગી વિસ્તરણની સંભાવના છે તે જોતા આ શેર લાંબી તેજીમાં આગળ વધવાની ગણતરી છે અને તેથી લગભગ ત્રણેક મહિનાના એન્ગલથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

દાલમિયા ભારતના નફામાં પણ ઉત્પાદન ખર્ચ ખૂબ જ વધ્યો હોવાને કારણે લગભગ ૩૪ ટકા ઘટાડાની જગ્યા દેખાય છે. જ્યારે વોલ્યૂમ નાના ઉછાળા સાથે ૫૭.૪૦ લાખ ટન થાય તેવી ગણતરી છે. દાલમિયા ભારતનો શેર અત્યારે રૂા. ૧૬૯૦ ઉપર આવી ગયો છે અને શુક્રવારે પણ આ શેરમાં રૂા. ૩૭નો તીવ્ર ઉછાળો જોવાયો હતો. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૮૧૮ના ભાવની જગ્યા દેખાય છે.

નિરમા ગ્રૂપ હસ્તકની **નૂવોકો**માં પણ નફામાં ૩૭ ટકાનો ઘટાડો છે. બજારમાં એક તબક્કે અદાણી આ કંપની લઈ લેશે તેવી વાતો પણ શરૂ થઈ હતી પરંતુ તેમાં કોઈ ડેવલપમેન્ટ નથી દેખાતું. સિમેન્ટની વેચાણ કિંમતોમાં ૩.૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે વોલ્યૂમમાં ૧૨ ટકાનો તીવ્ર ઉછાળો છે. નૂવોકોના શેરમાં હાલના તબક્કે ધીમો અપટ્રેન્ડ આગળ વધવાની સંભાવના છે. શેર રૂા. ૪૦૪ ઉપર છે અને તેમાં એકદમ ધીમા સુધારાની જગ્યા.

ઓરીએન્ટ સિમેન્ટના નફામાં પણ તીવ્ર ઘટાડો જોવાયો. આ કંપનીમાં વેચાણ કિંમતો લગભગ પાંચ ટકા વધી છે જ્યારે વોલ્યૂમમાં ચાર ટકાનો ઉછાળો છે. સી.કે. બિરલા ગ્રૂપની આ કંપનીમાં અત્યારના રૂા.૧૨૬-૧૨૭ના ભાવ રોકાણ વધારી શકાય, શેર અપટ્રેન્ડમાં હજી સ્પષ્ટ રીતે દાખલ નથી થયો, પરંતુ આવતા થોડા દિવસોમાં તેમાં તેજીમય ટ્રેન્ડ જોવાવાની ગણતરી છે અને તેથી થોડા થોડા કરીને શેર ભેગા કરી શકાય.

જે.કે.લક્ષ્મી સિમેન્ટ અત્યારે રૂા. ૫૯૭ ઉપર છે અને આ શેરમાં પણ આવતા થોડા દિવસોમાં મજબૂત ઉછાળાની જગ્યા છે. લગભગ ત્રણ મહિનાના એન્ગલથી થોડાક શેર લઈને મૂકી દેજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૬૩૦ અને તે પછી રૂા. ૬૫૦ના ભાવની ગણતરી છે. જે.કે. લક્ષ્મી સિમેન્ટમાં નફામાં કેવળ ૧૯ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ આગામી સમયગાળામાં તેના વોલ્યૂમમાં ૮ ટકા

ગામની ગપસપ

- **ફ્યુચર સપ્લાયચેઈન,** પન્તલૂન એટલે કે કિશોર બિયાની ગ્રૂપની કંપની અને લોજિસ્ટિકના ધંધામાં દુનિયાથી આગળ આ કંપનીએ ખૂબ જ જંગી નેટવર્ક ઊભું કર્યું હતું, પરંતુ તે પછીના સમયગાળામાં કિશોર બિયાની નાણાભીડમાં ફસાતા શેરનો ભાવ પણ રૂા. ૪૦૦ના લેવલથી તૂટીને અત્યારે ફક્ત રૂા. ૨૫-૨૬ ઉપર આવી ગયો છે. ઘણો સમય રૂા. ૨૦-૨૨ સુધી રહ્યા પછી હવે આ શેરમાં કોઈ સારા સમાચારની સંભાવના, કોઈ મોટા ગ્રૂપ દ્વારા ટેઈકઓવર થાય તો નવાઈ નહિ લાગે, ૧૦૦-૨૦૦ શેરનું જોખમ લેવાય, ઉપરમાં રૂા. ૩૧-૩૨ના ભાવની સંભાવના મજબૂત છે.
- **મેક્સ ઇન્ડિયા,** રૂા. ૧૦૨ના ભાવે આ શેર ખોટો નથી. મેક્સ ઇન્ડિયા ગ્રૂપના અન્ય શેરોમાં પણ વધી રહેલું આકર્ષણ, પોઝિટિવ સમાચારની સંભાવના મજબૂત, રૂા. ૧૦૨માં થોડાક શેરો લઈ લો, આંકડાની અદલાબદલી સાથે ઝડપથી રૂા. ૧૨૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **ઇગારસી મોટર્સ,** રૂા. ૪૩૪ના ભાવે શેર મળી રહ્યો છે. કંપનીની નાની મોટરોની માંગમાં મોટો ઉછાળો, એન્જિનિયરીંગ સેક્ટરની માંગ ઝડપથી વધી છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૪૬૪ અને તે પછીના ઉછાળે રૂા. ૫૦૩નો ભાવ જોવા મળી જવાની ગણતરી.
- **ટીસીપીએલ પેકેજિંગ,** પેકેજિંગ મટીરીયલના શેરોમાં અત્યારે આકર્ષણ વધ્યું છે. પોલીપ્લેક્સ અને અન્ય પેકેજિંગ શેરોમાં ઘટી ગયેલી ફેન્સી, તેમ છતાં અત્યારના રૂા. ૧૪૧૫ના ભાવે ટીસીપીએલ પેકેજિંગનો શેર ધ્યાનમાં રખાય અને આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૪૭૪ અને તે પછી રૂા. ૧૫૫૫ના ભાવની સંભાવના મજબૂત છે. પાંચ કે દસ શેરનું જોખમ લઈ શકાય.
- **કેર રેટિંગ,** રેટિંગ ઇન્સ્ટ્રુમેન્ટની માંગમાં તોતીંગ ઉછાળો, બેંકો કે નાણાસંસ્થાઓએ હવે કોઈ જોખમ નથી લેવું અને રેટિંગ મેળવીને પોતાની જાત સ્વચ્છ કરી નાખે છે કેર રેટિંગના બિઝનેસ અને નફામાં તોતીંગ ઉછાળો, અત્યારના રૂા. ૫૪૯ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો અને આવતા થોડા દિવસોમાં સુંદર વૃદ્ધિ સાથે રૂા. ૬૧૬ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૬૫૦ના ભાવની સંભાવના મજબૂત.
- **આઈડીબીઆઈ બેંક,** એમ તો સરકાર છેલ્લા ઘણા વર્ષોથી આઈડીબીઆઈ બેંકને પરણાવી દેવા માંગે છે, પરંતુ સરકારનો જીવ આ બેંકમાંથી નથી જતો અને બેંક પણ લગ્ન કરવાની સતત ના પાડતી હોય તેમ લાગે છે, પરંતુ આ વખતે લગ્ન થઈ જવાના ચાન્સ પૂરા છે. રૂા. ૪૯-૫૦ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને આગામી દિવસોમાં રીરેટીંગ સાથે રૂા. ૫૮-૬૨ના ભાવની સંભાવના મજબૂત.
- **સીયેટ લિમિટેડ,** ગોયંકા ગ્રૂપની કંપની, બ્રાન્ડ એકદમ મજબૂત અને નફાશક્તિ પણ સારી છે. એક તરફ ઓટોમોબાઈલના વેચાણો વધ્યા, જ્યારે બીજી તરફ ફ્રૂડ પણ સસ્તું થવાને કારણે કાચામાલ ખર્ચમાં મોટો ઘટાડો, ડિસેમ્બર ક્વાર્ટરના આંકડા સારા આવશે, રૂા. ૧૭૦૬માં થોડાક શેરો લઈને મૂકી શકાય. ઉપરમાં રૂા. ૨૧૨૧ના ભાવની સંભાવના મજબૂત.
- **સ્પેશ્યાલિટી રેસ્ટોરન્ટ,** મહામારીના ભયમાંથી હવે લોકો બહાર આવી ગયા છે. અને રેસ્ટોરન્ટ અને હોટલોમાં અત્યારે ભારે ભીડ જોવા મળે છે, સ્પેશ્યાલિટી રેસ્ટોરન્ટના નફામાં પણ તોતીંગ ઉછાળો, રૂા. ૨૧૬ના ભાવે થોડાક શેર લઈને મૂકી શકાય અને છ મહિનામાં સુંદર ઉછાળા સાથે રૂા. ૨૫૫-૨૭૫નો ભાવ જોવા મળી જવાની ગણતરી.
- **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ,** એકંદરે ટૂંકી વધઘટ સાથે ગયા વર્ષે તો આ શેર પડી રહ્યો હતો. અત્યારના રૂા. ૨૪૧૦ આસપાસના ભાવે નવા વર્ષમાં સોલિડ વેલ્યૂઅનલોકિંગ જોવા મળવાની ગણતરી. વર્ષના પ્રારંભમાં એસઆઈપીની રીતે થોડા થોડા કરીને શેર ભેગા કરી લેજો. ઉપરમાં રૂા. ૨૮૦૦ જોવા મળે તો નવાઈ નહિ લાગે.
- **એચડીએફસી બેંક,** ગયું આખું વર્ષ આ શેરમાં કોન્સોલિડેશનનું રહ્યું. અને હવે મર્જરની પ્રક્રિયા ઝડપી બની છે. અત્યારના રૂા. ૧૪૫૦ આસપાસના ભાવે આ શેર જોર મારીને ભેગા કરી લેવા. લગભગ ૫૦ ટકા રિટર્ન સાથે રૂા. ૨૧૦૦નો ભાવ બતાવે તેવી પીજીની ગણતરી.

POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905

Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810

Phone No.079-26427800 FAX No.079-26421864

Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

Extract of Unaudited Financial Results for the Quarter & Half Year Ended 30th September 2022

(Rs. in Lacs)

SR. NO.	PARTICULARS	Quarter Ended 30.09.2022	Quarter Ended 30.06.2022	Quarter Ended 30.09.2021	Half Year Ended 30.09.2022	Half Year Ended 30.09.2021	Year Ended 31.03.2022
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total Revenue from operations	1,135.49	1,403.43	1,071.57	2,538.92	1,740.00	4,568.74
2	Other Income	10.06	11.45	8.72	21.51	19.77	44.91
3	Total Income (1+2)	1,145.55	1,414.88	1,080.29	2,560.43	1,759.77	4,613.65
4	Total Expenses	1,147.99	1,371.89	1,075.53	2,519.88	1,775.74	4,473.27
5	Profit/(Loss) from ordinary activities before exceptional items and tax (3-4)	(2.44)	42.99	4.76	40.55	(15.97)	140.38
6	Exceptional Item	-	-	-	-	-	-
7	Profit/(Loss) before tax (5+6)	(2.44)	42.99	4.76	40.55	(15.97)	140.38
8	Tax Expenses	4.84	10.85	1.12	15.69	(4.97)	50.73
9	Net Profit/(Loss) for the period (7-8)	(7.28)	32.14	3.64	24.86	(11.00)	89.65
10	Other Comprehensive Income (net of tax)	-	-	-	-	-	1.78
11	Total Comprehensive Income for the period (9+10)	(7.28)	32.14	3.64	24